**અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના કર્મચારીઓને તા.૦૧/૦૧/૧૯૯૭ પૂર્વે મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા બાબત**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંક:અમશ/૧૦૧૮/૭૦૨૨૩-૩૪૫-ક
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩/૦૩/૨૦૨૦

<u>વંચાણમાં લીધા</u> :-

(૧) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૪/મ
(૨) ~~સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૬/૨૦૧૫નો ઠરાવ~~ ક્રમાંક:અમશ/૧૦૧૫/૨૯૬૧૭૮/ગ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૧૧/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧
(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯/૦૯/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: અમશ/૨૦૧૭/૧૦૫૭/ઘ
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૬/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:અસમ/૧૩૨૦૧૭/૪૯૩૮૯૩/અ
(૬) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૮/૧૧/૨૦૧૭નો પત્ર ક્રમાક: અજાક/ગ/આશા/૨૦૧૭૮/૧૨૧૭

<u>પ્રસ્તાવના</u>

વંચાણે લીધા ક્રમાંક: (૨) હેઠળના વિભાગના તા.૨૪/૬/૨૦૧૫ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પેન્શન તથા નિવૃતિના લાભ આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક: (૩) હેઠળના તા.૨૦/૧૧/૨૦૧૫ના ઠરાવથી અનુસૂચિત જાતિના કર્મચારીઓને નિયમિત પગાર/ પેન્શન/ નિવૃતિના લાભો આપવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. અમુક કિસ્સામાં આશ્રમશાળાનું સંચાલન શિક્ષણ વિભાગ હસ્તક હતું, તે દરમ્યાન વંચાણે લીધા ક્રમાંક: (૧) હેઠળના નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ના ઠરાવ અન્વયે તા.૦૧/૦૬/૧૯૮૭ થી ઉચ્ચતર પગાર ધોરણ યોજના મંજૂર કરવામાં આવેલ છે. આવા કર્મચારીઓના પેન્શન કેસો નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીને રજૂ કરતા મંજૂર થયેલ ઉચ્ચતર પગાર ધોરણ બાબતે નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી દ્વારા સ્પષ્ટતા કરવા વાંધા સહિત કેસો પરત કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક: (૪) હેઠળના આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૯/૦૯/૨૦૧૭ના ઠરાવથી તેઓ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને તા.૦૧/૦૧/૧૯૯૭ પૂર્વે મંજૂર કરાવેલ ઉચ્ચતર

પગાર ધોરણનો લાભ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંકઃ (૫) હેઠળના વિભાગના તા.૨૦/૦૬/૨૦૧૮ના ઠરાવથી વિભાગ હસ્તકના વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને તા.૦૧/૦૧/૧૯૯૭ પૂર્વે મંજૂર કરાવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી(અ.જા.ક.)એ વંચાણે લીધેલ ક્રમાંક (૬) હેઠળના તા.૦૮/૧૧/૨૦૧૭ના પત્રથી, આદિજાતિ વિકાસ વિભાગ અને વિભાગ હસ્તકના વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ મુજબ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને પણ તા.૦૧/૦૧/૧૯૯૭ પૂર્વેનો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવાની દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા ક્રમાંકઃ (૨) હેઠળના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગાર ધોરણ, પેન્શન, ગ્રેજ્યુઇટી તથા અન્ય નિવૃતિના લાભ તા.૦૧/૦૧/૧૯૯૭ થી ચુકવવાનું ઠરાવેલ છે. જે કિસ્સાઓમાં આશ્રમશાળાઓનું સંચાલન શિક્ષણ વિભાગ હસ્તક હતું, તે દરમ્યાન વંચાણે લીધા ક્રમાંકઃ (૧) હેઠળના નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇઓ અન્વયે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૬/૧૯૮૭ ની અસરથી ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવેલ છે, તેવા કેસોમાં નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવ મુજબ મંજૂર કરાવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૭/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ. જી. ભાભોર )
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સે.અ.શ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૦